ગાંધીનગર સમાચાર

શહેરમાં ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા યોજાઈ

## @ગાંધીનગર

● સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ (પૂર્વ મુખ્યમંત્રી)ની ૨૧મી પુણ્યતિથિએ પ્રાર્થના સભા સવારે ૮.૩૦થી ૯.૩૦ કલાકે નર્મદા ઘાટ, ગાંધીનગર ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### રવિવારે અરવિંદ કેન્દ્રમાં માતાજીના જન્મદિને કાર્યક્રમો

ગાંધીનગર, તા.૧૬

શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩માં તા.૨૧મી ફેબ્રુઆરીએ માતાજીના જન્મદિન પ્રસંગે સવારે ૧૦થી ૧૧ પ્રાર્થના-ધ્યાન-વાંચનનો કાર્યક્રમ યોજેલ છે.

સાંજે સંસ્થાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે સાડા પાંચ વાગે યોજાશે તેમ શ્રી અરવિંદ કેન્દ્ર ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. સી.કે. તન્નાએ જણાવેલ છે.

### શિવરંજની દ્વારા ગુરૂવારે વસંતના વધામણા રૂપે ગીતોનો ગુલદસ્તો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે શિવરંજની સંસ્થાના સભ્યશ્રીઓ માટે સદાબહાર એવા કાર્યક્રમો કરવા અને સૂર-શબ્દની આરાધના, એક માત્ર ધ્યેય સાથેની પ્રવૃત્તિ કરતી સંસ્થા શિવરંજની વસંતના વધામણા રૂપે હિન્દી-ગુજરાતી ગીતોનો કાર્યક્રમ વેલકમ-વસંત-સુરો કે સંગ તા. ૧૮મી ફેબ્રુઆરીએ ગાયક કલાકારો શ્રી નિરજ પાઠક, ડૉ. ફાલ્ગુની ડૉકટર, આનલ વસાડવા અને હર્ષ શાહ દ્વારા યોજાશે. આ કાર્યક્રમમાં પરિકલ્પના શ્રી તુષાર જોષી અને તોરલ કવિ દ્વારા કરવામાં આવનાર છે તો સંસ્થાના તમામ ગુણીજન સભ્યોને કાર્યક્રમમાં પધારવા પ્રમુખશ્રી વાગ્મિન બુચે જણાવેલ છે.

### શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક ગુરૂવારે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસના ત્રીજા ગુરૂવારે યોજવામાં આવતી બેઠક તા. ૧૮મી ફેબ્રુઆરીના રોજ સે-૧ના ગાયત્રી મંદિર પાસેના શિવાલયના પરિસરમાં સાંજે ચાર વાગે યોજાશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરાશે. તો સંસ્થાના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોને હાજર રહેવા મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# પેથાપુરમાં ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચાર પુરજોશમાં

## ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને રીઝવી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર નગર પાલિકાની ચુંટણીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચાર તેજ કરી દેવામાં આવ્યો છે. ઉમેદવારો ઢોલ નગારા સાથે ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને રીજવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પેથાપુર ગામમાં અત્યારે હાલ બરાબરનો ચુંટણીનો માહોલ જામ્યો છે. પેથાપુર ગામની ભાગોળ અને શેરીઓમાં ચુંટણીની ચર્ચાઓ સંભળાય છે. પોતાના વોર્ડ અને પક્ષના ઉમેદવારોને જીતાડવા માટે કાર્યકરો રાત દિવસ એક કરીને કમરકસી રહ્યા છે.

ગાંધીનગર - મહુડી માર્ગ પર શહેરથી માત્ર પાંચ મિનિટના અંતરે પેથાપુર ગામ આવેલું છે. પેથાપુર નગરપાલિકાની ચુંટણી આગામી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાવાની





છે. પેથાપુર પાલિકામાં ૬ વોર્ડ આવેલા છે જેમાં બંન્ને રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો મળીને કુલ ૪૯ ઉમેદવારો ચુંટણીના મેદાને જંગમાં છે. પેથાપુર ગામમાં અત્યારે હાલના સમયે બરાબરનો ચુંટણીનો માહોલ જામ્યો છે. પેથાપુરમાં પ્રચાર પડઘમ શાંત થવાને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો દ્વારા ડોર-ટુ-ડોર અભિયાન ચલાવીને મતદારોને રીજવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. વહેલી સવારથી ઢોલ નગારા સાથે ઉમેદવારો પોતાના કાર્યકરોને સાથે ચુંટણી પ્રચારના શ્રીગણેશ કરે છે. મોડી સાંજ સુધી કાર્યક્તાઓ અને ઉમેદવારો પેથાપુરની શેરીઓમાં પ્રચાર કરીને પસીનો વહાવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારોએ મેદાનમાં ઝંપલાવતા રસાકસીનો માહોલ જામ્યો છે. પેથાપુરની શેરીઓમાં અને ભાગોળમાં ચુંટણીનો ચોરો જામે છે જેને પગલે પેથાપુર ગામમાં ચુંટણીને લઈ ખાસ કરીને યુવાનો મહિલાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પાલિકાની ચુંટણી હોવાથી પ્રચાર અત્યારે હાલ પુરજોશમાં ચાલી રહ્યો છે. પેથાપુરમાં શુક્રવારના રોજ પ્રચાર પડઘમ શાંત થશે. હવે ગણતરીના કલાકો ચુંટણીને બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો અને કાર્યકરો પ્રચારમાં જોડાયેલા છે. પેથાપુર ગામમાં ચુંટણી પ્રચાર તેજ ગતિએ રહેતા ગામમાં ચુંટણીનું વાતાવરણ બરાબર જામ્યું છે. આગામી સમયમાં પેથાપુર ગામમાં ઠેર ઠેર ચુંટણીના ચોરા મંડાશે અને ચુંટણીનું ચવાણું ચવાશે.



ગાંધીનગર ખાતે આવેલ સ્કૂલ ઓફ એચીવરમાં તાજેતરમાં ખેલ મહાકુંભ અંતર્ગત ત્રિ દિવસીય સ્કેટીંગની સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લાકક્ષાની અન્ડર -૧૩ અને અન્ડર - ૧૬ ની સ્પર્ધા યોજાઈ હતી. જેમા સચિવાલય જીમખાના સેકટર - ૨૧ ખાતે સ્કેટીંગની તાલિમ મેળવી રહેલા વિદ્યાર્થીઓ શ્રેયસ ઠાકુર, રુતુરાજ ચાવડા, તન્વી ગાંધી, ખનક હીર ઠાકુર પ્રથમ ક્રમે જયારે દ્રીતીય ક્રમે રીયા ગાંધી, સ્વપ્નીલ સિંહ, સ્મિતરાજ, પ્રિન્સી, પ્રિયા, મુનિ વિજેતા બન્યા હતા.આ તમામ વિજેતા ખેલાડીઓને કોચ વસીમ મનસુરીએ અભિનંદન પાઠવ્યા હતા.


### યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા મરીન કેમ્પનું આયોજન

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૬ ખાતે આવેલ યુથ હોસ્ટેલ એસોસીએશન દ્વારા મરીન કેમ્પનું આયોજન ૨૯ ફેબુઆરી થી ૪ માર્ચ સુધી કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જોડાનાર મિત્રોને ઓખા પાસે બેટ દ્વારકામાં ડોલફીન, ફોરલસ, સ્ટારફીશ, જેલીડીશ જળ સમુદ્રી કાચલા આલગી સી કકુમ્બર વગેરે સ્થળો નિહાળીને જીવ સૃષ્ટિનો લ્હાવો મેળવવો હોય તેવા મિત્રોએ સત્વરે સંસ્થાના ચેરમેન ચૈતન્ય નિમાવત (૯૪૨૬૪૦૧૭૦૧), ટ્રેનર પ્રિયાંક મારુ (૯૯૦૯૯૬૫૯૦૦) તેમજ સંસ્થાના સેક્રેટરી જે.બી. સાધુનો સંપર્ક કરવા જણાવાયું છે.

### નવા સચિવાલયની અંદર બે ગાડીઓ ટકરાઈ





ટ્રાફીક વાળા વિસ્તારોમાં કે હાઈવે પર માર્ગ અકસ્માતો સર્જાય તે સમજી શકાય કે બેમાંથી કોઈ ડ્રાઈવરનું ધ્યાન નહીં હોય કે ટેકનીકલ કોઈ પ્રોબ્લેમ આવ્યો હશે...! પરંતુ આજે તો એવા સંકુલમાં અકસ્માત સર્જાયો હોવાનું ધ્યાને આવ્યું છે જયાં પ્રવેશવા માટે પણ સાત કોઠા વિંધીને જવા જેવો ઘાટ છે. આવા નવા સચિવાલય સંકુલમાં આજે આઈ-૧૦ અને ઈકો બે ગાડીઓ ધડાકાભેર અથડાઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે કોઈને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી.

### જિલ્લાના સરકારી તથા પંચાયત આયુર્વેદ દવાખાનાઓમાં સુવર્ણપ્રાશન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવાનો ઉલ્લેખ છે. બાળકના જન્મ થાય ત્યારથી શું કરવું જેથી બાળક નિરોગી રહે તેનું વર્ણન આયુર્વેદમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે બ્રાહ્મી, શંખપુષ્પી જેવા ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલા કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે જેથી તે ઉત્તમ ફળદાયી બને છે.

બાળકના શરીરમાં વૃદ્ધિની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે પોષણની જરૂર પડે છે. આ સમય સમગ્ર જીવનમાં પાયા સમાન છે. પાંચ વર્ષ સુધી બાળકને પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળક તંદુરસ્ત રહે છે પ્રતિકારક શકિત વધે છે.

તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ પુષ્ય નક્ષત્ર હાઈ દવાખાનાઓમાં સવારે અને સાંજે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે તો બાળકોના વાલીઓને મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

આ કાર્યક્રમ સરકારી આયુર્વેદ દવાખાનું પોર, જમીયતપુરા, સેકટર-૭, અમીયાપુર, સીવીલ આયુર્વેદ ઓપીડી, સરઢવ-કુડાસણ, રીદ્રોલ, પરબતપુરા, ઈસંડ, કલોલ, પીંપળજ, સે-૨૯, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, ખાનપુર ખાતે યોજાશે તેમ જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે જણાવેલ છે.

## આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ખેલાડી વિદ્યાર્થીઓએ સ્કૂલ ગેમ્સ ઉપરાંત રાજય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં પણ પોતાના ઉત્કૃષ્ઠ કૌશલ્યનું પ્રદર્શન કરી ઉજજવળ દેખાવ કર્યો છે. શાળાના વિદ્યાર્થી ખેલાડીઓએ એથ્લેટિકસની સ્પર્ધામાં પરંપરાગત રીતે દબદબો જાળવી રાખ્યો છે.

આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલના ધોરણ-૪ની હેત્વી ચૌધરીએ સ્ટે. બ્રોડ જમ્પમાં પ્રથમ ક્રમાંક અને સંધ્યા બાનીએ ૩૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાન મેળવ્યું હતું. ૫૦ મીટર



દોડમાં ધો-૫ની પ્રિયાંશી કટારાએ પ્રથમ તથા ઈશા બાની અને વિરેન્દ્રસિંહ વાઘેલાએ ૫૦ મી. દોડમાં પોતાના વિભાગમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધો-૭માંથી નેહા કોટકે લાંબી કૂદમાં પ્રથમ જયારે છોકરાઓમાં લાંબી કૂદમાં રજનીશ સાગઠિયા પ્રથમ અને દર્પણ દાફડા દ્વિતિય તથા ગોળા ફેકમાં નીતિરાજ ઝાલા પ્રથમસ્થાને વિજેતા બન્યા હતાં.

શાળાના વ્યાયામ શિક્ષક કેતનભાઈ પટેલ તથા સાથી શિક્ષકોની જહેમતના કારણે શાળાના બાળકોને સઘન અને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમના પરીણામ સ્વરૂપ ખેલાડી વિદ્યાર્થીઓ જવલંત સફળતા હાંસલ કરી રહ્યા છે. રમતવીરોને હંમેશા પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડવામાં અગ્રેસર શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ સહિત કર્મચારીગણે ખેલાડી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા ખેલ મહાકુંભની આગામી રાજય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાતવાતમાં

● ગુજરાત યુનિવર્સિટીએ ચાલુ સાલથી ઈન્ટર્નલ પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય હવે મોકુફ રાખ્યો છે. છેલ્લા કેટલાય દિવસથી અવઢવમાં મુકાયેલા વિદ્યાર્થીઓએ હવે તાબડતોબ પરીક્ષાની તૈયારીમાં લાગી જવું પડશે.

● ટ્રાફિક પોલીસે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે અમલ કરાવવા કમર કસી જ લીધી છે. આજે પણ પોલીસે કુલ ૨૩૭૭ વાહનચાલકો પાસેથી કુલ ૨.૩૮ લાખનો દંડ વસુલ્યો હતો.

● આશરે છ માસ પૂર્વે ગાંધીનગરમાં વરસેલા તોફાની વરસાદમાં સે-૧૬ના પાટનગર યોજના ભવન સામેના પાણીના સંપ પર બનાવાયેલ શેડ તોડી પાડયો હતો. વૃક્ષ પડવાથી તુટેલો શેડ આજે પણ તેજ હાલતમાં યથાવત છે.

● મંગળવારની તારીખ ૧૬-૨-૨૦૧૬ સોશિયલ મિડીયા પર 'મિરર ડેટ' તરીકે ખૂબ ચર્ચાસ્પદ બની હતી. આ તારીખ બંને બાજુથી એક સરખી દેખાતા તેને 'મિરર ડેટ' નામ અપાયું હતું.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

### વાવોલમાં ૧૬ વર્ષની કિશોરીને પડોશી ઉઠાવી ગયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરીને પડોશી યુવાન ભગાડી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવવા પામી છે. કિશોરીના પિતાએ સેકટર-૭ પોલીસ મથકમાં પડોશી યુવાન સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. એસ.સી., એસ.ટી. સેલના ડીવાયએસપીએ ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે. કિશોરીનું અપહરણ ગઈ કાલે બપોરે ૩ થી ૫ વાગ્યાના અરસામાં તેણીના ઘરેથી જ કરવામાં આવ્યું હતું.

### બ્રહ્મભટ્ટ સમાજના સભ્યો જોગ

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવનાર પરિવાર દર્પણ (સોવેનીયર) માટે જે જ્ઞાતિજનોએ હજુ સુધી ફોર્મ ભરેલ ન હોય તેઓએ તેમજ ગાંધીનગર ખાતે સરકારશ્રીમાં નવ નિયુકિત પામેલ તેમજ વિશિષ્ટ સિધ્ધી ધરાવતાં હોય તેવા જ્ઞાતિબંધુએ તેમની માહિતી તા. ૨૦-૨-૨૦૧૬ સુધી બ્રહ્મભટ્ટ સમાજના મહામંત્રીશ્રી વાસુદેવભાઈ એન. અજબાણી, પ્લોટ નં. ૪૬૮/૨, સે-૩-સી, ગાંધીનગર મોબાઈલ નં. ૯૪૨૮૦૨૯૫૪૦૫૨ સંપર્ક કરી વિગતવાર પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેરમાં ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા યોજાઈ

## જેડા તથા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં ૬૫ શાળાઓમાં ૨૬૦ વિદ્યાર્થીઓ તથા ૭૦ શિક્ષકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સે-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે 'ઉર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારની કુલ ૬૫ ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધો-૫ થી ૮ના કુલ ૨૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ બાળકો સાથે ૭૦ જેટલા શિક્ષકો પણ સ્પર્ધામાં જોડાયા હતા.

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી-જેડા દ્વારા સમગ્ર રાજયની શાળાઓમાં બાલ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ હાથ ધરાયો છે. આ કાર્યક્રમનો હેતુ બાળકોમાં નાનપણથી જ ઉર્જા પ્રત્યે સંવેદનશીલ બને તથા ઉર્જાનો કરકસરભર્યો ઉપયોગ કરતા શીખે તે માટે ઉર્જા સંરક્ષણ રેલી તથા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ ચિત્ર સ્પર્ધાને બાળકોનો ઉમળકાભેર પ્રતિસાદ સાંપડયો હતો. ચિત્ર સ્પર્ધામાં ઉર્જા બચત, પરંપરાગત ઉર્જા સ્ત્રોતો અને વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોતો જેવા વિષયો રાખવામાં



(તસવીર : કશ્યપ નિમાવત)



આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વત્સલ વોરા, કશ્યપ નિમાવત, નરેશભાઈ ઠાકર વગેરેએ સેવાઓ આપી હતી.

ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીને રૂ. ૫૦૦૦, દ્વિતીય ક્રમે વિજેતા થનારને રૂ. ૩૦૦૦ તથા તૃતીય સ્થાને વિજેતા થનારને રૂ. ૧૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. સાથે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપીને નવાજવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષકો માટે પુનઃપ્રાપ્ય ઉર્જા અને ઉર્જા બચત વિષયે વકતવ્ય પણ યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણા અને જીતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

ચિત્ર સ્પર્ધાના વિજેતા બાળકોના નામ નીચે મુજબ છે. ધોરણ-૫માં પ્રથમ ક્રમે ખુશી ઠાકોર-સરકારી પ્રાથમિક શાળા-સોનીપુર, દ્વિતીય ક્રમે હની પ્રજાપતિ-બ્રાઈટ સ્કુલ-વલાદ અને તૃતીય ક્રમે નિકીતા ઠાકોર-સરકારી પ્રાથમિક શાળા-પાલજ રહ્યા હતા.

ધોરણ-૬માં પ્રથમ ક્રમે અર્ષ મલીક-માઉન્ટ કાર્મેલ સ્કુલ સે-૨૧, દ્વિતીય ક્રમે અલીફીયા અન્સારી-વસંતકુંવરબા પ્રાથમિક શાળા સે-૨૮ અને તૃતીય ક્રમે દિપીકા પટેલ-શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળા સે-૨૩ રહ્યા હતા.

ધોરણ-૭માં પ્રથમ ક્રમે અર્પણા બારોટ-શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળા સે-૨૩, દ્વિતીય ક્રમે કેવન પટેલ-જે.એમ. ચૌધરી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ-સેકટર-૭ અને તૃતીય ક્રમે સંજીવની યાદવ-માઉન્ટ કાર્મેલ સ્કુલ-સેકટર-૨૧ રહ્યા હતાં.

ધોરણ-૮માં પ્રથમ ક્રમે વિની પટેલ-માઉન્ટ કાર્મેલ સ્કુલ-સેકટર-૨૧, દ્વિતીય ક્રમે વિરાજબેન પરમાર-રૂપાલ કન્યા પ્રાથમિક શાળા-રૂપાલ અને તૃતીય ક્રમે પુષ્પદિપ ચૌહાણ-જે.બી. પ્રાયમરી સ્કુલ-સે-૨૩ રહ્યા હતાં.

## ૫૦૦ રૂપિયા માટે દંતાલી ગામમાં જુથ અથડામણ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક દંતાલી ગામમાં ગઈ રાત્રે માત્ર ૫૦૦ રૂપિયાની લેતી દેતીમાં બે જુથ સામ સામે આવી ગયા હતા. રબારી અને ઠાકોરોએ સામ સામે આવી લાકડીઓ ઉછાળતા છ વ્યકિતઓ ઘાયલ થયા હતા. પોલીસ ઘટના સ્થળે પહોંચી જતા મામલો શાંત પડી ગયો હતો. બંને પક્ષે સામ સામે ફરિયાદ આપતા અડાલજ પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી તટસ્થ તપાસ શરુ કરી છે.

દંતાલી ગામમાં રહેતા મહેશ ભીખાજી ઠાકોર પાસેથી ગામનો જ તેનો મિત્ર રઘા હરજી રબારી ૫૦૦ રૂપિયા માંગતો હતો. ગઈ સાંજે મહેશ ગામના પાનના ગલ્લે ઉભો હતો ત્યારે બધા વચ્ચે પઠાણી ઉઘરાણી કરતા રઘા અને મહેશ સામ સામે આવી ગયા હતાં. ઉગ્ર બોલાચાલી બાદ આ આંતરીક બબાલ બે જુથ વચ્ચેની બબાલ બની ગઈ હતી અને લાકડીઓ ઉછળતા પાંચ લોકો ઘાયલ થયા હતા. તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે મહેશ ઠાકોરની ફરિયાદને આધારે પોલીસે ભરત રાયમલ રબારી, સોમા રબારી, સાગરઓધાર રબારી, ગોકુલ રામા રબારી, રઘા હરજી રબારી અને રામજી ગોવા રબારી સામે ગુનો નોંધ્યો છે. જયારે રઘા રબારીની ફરિયાદને આધારે ક્રોસ ફરિયાદ લઈ પાર્થ પંચાલ, દિપક અમરત ઠાકોર, હર્ષદ અમરત ઠાકોર, ભીખા દશરથ ઠાકોર, મહેશ ભીખા ઠાકોર અને રાજુ પ્રહલાદ ઠાકોર સામે ગુનો દાખલ કરી અડાલજ પોલીસ મથકના પીએસઆઈ મારવાડાએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

### ચિરવિદાય

- સ્વ. હિરામણીબેન અજીતસિંહ ગઢવી, ઉ.વ. ૯૪
- સ્વ. મકવાણા લીલાબેન રમતુજી, ઉ.વ. ૪૫
- સ્વ. અમરતાલ ડુંગરદાસ મોચી, ઉ.વ. ૭૫
- સ્વ. જયંતિભાઈ ખોડીભાઈ વાઘરી, ઉ.વ. ૪૫